ગાંધીનગર સમાચાર



# સચિવાલયમાં જામ્યો નવરાત્રીનો માહોલ

## નવા અને જુના સચિવાલયની વિવિધ કચેરીઓમાં માતાજીની આરતીઓ ગુંજતી થઈ : રીશેસના સમયે વિવિધ સ્થળોએ ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૬

છેલ્લા પાંચ છ દિવસથી પડી રહેલા સતત વરસાદના કારણે પાર્ટી પ્લોટ અને સેકટરોમાં નવરાત્રીનો માહોલ જામ્યો નથી. જો કે સરકારી કર્મચારીઓ નવરાત્રી પુરેપુરા ઉત્સાહથી ઉજવી રહ્યા છે. કચેરીઓ ખુલતા જ માતાજીની આરતીથી વાતાવરણ ગુંજી ઉઠે છે તો રીસેસના સમયે કર્મચારીઓ મન મુકીને ગરબે ઘુમે છે.

નવા અને જુના સચિવાલયની વિવિધ સરકારી કચેરીઓમાં માતાજીની ભકિતનો માહોલ પુર્ણ પણે જામ્યો છે. કચેરીઓ શરૂ થાય એટલે તુરંત જ આરતીની તૈયારીઓ થવા માંડે છે. સવારે અગિયાર વાગ્યાની આસપાસ મોટાભાગની કચેરીઓમાં માતાજીની આરતી કરવામાં આવે છે. કેટલાક શ્રધ્ધાળુ કર્મચારીઓ પોતાના ખર્ચે પ્રસાદનું આયોજન કરી રહ્યા છે તો કેટલીક કચેરીઓમાં કર્મચારીઓ ભેગા મળી પ્રસાદનું આયોજન કરે છે. શીરાના મહાપ્રસાદનું આયોજન પણ કયાંક કયાંક થાય છે. આરતી બાદ છેક મંત્રી અને ઉચ્ચ અધિકારીઓ સુધી પ્રસાદ પહોંચતો કરવામાં આવે છે.

બપોર પડતા જ પુનઃ ગરબાનો માહોલ જામે છે. જુના અને નવા સચિવાલય બંને સ્થળોએ રીસેસના સમયે ગરબા યોજાય છે. કેટલીક કચેરીઓમાં સ્ટાફ પુરતા ગરબાનું આયોજન પણ થઈ રહ્યું છે. શ્રધ્ધાળુ કર્મચારી ભાઈ બહેનો ગરબામાં પણ ઉત્સાહથી જોડાયછે. આરતી અને ગરબા શ્રધ્ધા-ભકિત સાથે જોડાયેલા હોવાથી આ બાબતે તેઓને અધિકારીઓ છુટછાટ આપે છે.







માનો ગરબો રે રમે રાજને દરબાર... નવરાત્રી એ યુવા હૈયાઓનો મનગમતો તહેવાર છે. હવે આ તહેવાર શેરીઓ, સોસાયટીઓ કે પાર્ટી પ્લોટ સુધી જ મર્યાદિત નથી રહ્યો બલ્કે શૈક્ષણિક સંસ્થાઓમાં પણ હર્ષોલ્લાસથી ઉજવાઈ રહ્યો છે. શહેરના અનેક શૈક્ષણિક સંકુલો દ્વારા નવરાત્રી નિમિત્તે રાસ ગરબાનું આયોજન કરવામાં આવે છે. સે-૭માં ચૌધરી મહિલા કોલેજમાં પણ નવરાત્રીની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં કોલેજની બીબીએ, એમસીએ, એમબીએ તથા બીકૉમની વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં જોડાઈ હતી. આ સાથે તમામ ફેકલ્ટીઝના અધ્યાપકો પણ ગરબાના તાલે ઝુમ્યા હતા.

# ગાંધીનગરમાં વધુ એક યુનિવર્સિટી સ્થપાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના પાદરે ધણપ ગામ પાસે જે.આઈ.એસ. યુનિવર્સિટીની સ્થાપના માટે સૈધ્ધાંતિક મંજૂરી આપવાનો નિર્ણય કરતાં પાટનગરને વધુ એક યુનિવર્સિટી મળશે.

આ સૂચિત નવી ખાનગી યુનિ.માં જે.આઈ.એસ. ગૃપ દ્વારા સાયન્સ, ટેકનોલોજી, મેડીસીન, મેનેજમેન્ટ, કાયદો, હ્યુમિનીટી સોશ્યલ સાયન્સ, પરફોર્મીંગ આર્ટ, ટુરિઝમ એન્ડ હોસ્પિટાલીટી તેમજ મિડીયા અને સ્પોર્ટસના ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસક્રમો તેમજ સ્કીલ ડેલવપમેન્ટ સંશોધનનું શિક્ષણ રાજયના યુવા વિદ્યાર્થીઓને પુરું પાડવામાં આવશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે વાયબ્રન્ટ સમિટ ૨૦૧૫માં જે.આઈ.એ. ગૃપને એજયુકેશન સેકશન અંતર્ગત ગુજરાતમાં રોકાણ હેતુ રાજય સરકારે સર્ટીફીકેટ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનશન આપેલું છે. ટ્રસ્ટ રૂ. ૭૯૩.૯૯ કરોડના મૂડી રોકાણ સાથે ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પદાર્પણ માટે ઈચ્છુક છે.

# ડૉ. બાબા સાહેબ આંબેડકર ગૌરવ સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર ગૌરવ સમિતિ દ્વારા સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં સમિતિના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ગીરીશકુમાર પંડયા, સંયોજક તરીકે જીવણલાલ પરમાર, મહામંત્રી તરીકે મનોજકુમાર પરમાર, ખજાનચી તરીકે નાગરભાઈ પરમાર, ઉપપ્રમુખ તરીકે મહેશભાઈ પટેલ, કમલેશભાઈ કાપડિયા, અમૃતલાલ સોલંકી, ચતુરભાઈ શાહ, ડાહ્યાભાઈ રાવલ અને મહંમત રફિક ઘાંચીની વરણી કરાઈ હતી તથા મંત્રી તરીકે મુકેશભાઈ શાહ, બળદેવભાઈ પરમાર, મહેશકુમાર મકવાણા, કિશનચંદ્ર શાહ, માણેકલાલ જણસારી, આરીફ ઘાંચી સહમંત્રી તરીકે જેઠાભાઈ પરમાર, નટવરભાઈ પરમાર, મુળજીભાઈ મકવાણા, સતીષભાઈ લેઉવા, સોમપુરી ગૌસ્વામી અને અબ્દુલભાઈ મલેકની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત કારોબારી સભ્યો તરીકે કીરીટકુમાર શ્રીમાળી, ખેમચંદભાઈ વર્મા, ચીમનભાઈ ચાવડા, મણીલાલ પરમાર, પ્રકાશકુમાર વોરા, મેહુલકુમાર પરમાર, ચતુરભાઈ પરમાર, ચંદુભાઈ રાઠોડ, વિવેકકુમાર પરમાર તેમજ કીરીટકુમાર જાદવની વરણી કરવામાં આવી હતી.

## વાતવાતમાં

● નવરાત્રીના છઠ્ઠા દિવસે સવારથી જ શહેરમાં ધોધમાર વરસાદ વરતા ખેલૈયાઓમાં નિરાશાનો માહોલ છવાયો હતો. આટલા ધોધમાર વસાદ બાદ પણ ગરબા યોજવા આયોજકોએ ગરબા મેદાનોમાં પંપ લગાડી પાણી ઉલેચવા તથા ટ્રોલીઓ ભરી રેતી નાંખવા સહિતના ભગીરથ પ્રયાસો હાથ ધર્યા હતા.

● શહેરમાં સેકટર-૧૧માં ગુરુવારે સાંજે ૫.૩૦ કલાકે લાયન્સ નોરતા ગ્રાઉન્ડમાં વિશિષ્ટ બાળકો માટેના ખાસ 'બાલુડાના ગરબા' યોજાનાર હતા. જો કે સવારે વરસેલા વરસાદી ઝાપટાના કારણે આયોજકોએ ના છુટકે આ કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી હતી.

● આ વર્ષની વવરાત્રીમાં વરસાદી વિઘ્ન નડતા ગરબા મહોત્સવમાં ખાણી પીણી વગેરેના સ્ટોલ રાખનાર સ્ટોલ ધારકોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે. કેટલાક ગરબા ગ્રાઉન્ડમાં તો અમુક સ્ટોલ ધારકોએ ખૂબ જ મર્યાદિત જથ્થામાં જ માલ-સ્ટોક રાખી તેને ઝડપી ખપાવવાની નીતિ અખત્યાર કરી હતી.

● હાલ શહેરમાં વાતાવરણના કારણે વિવિધ ઋતુજન્ય બિમારીઓએ ભરડો લીધો છે. જેના કારણે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ભીડ વધી જવા પામી છે. દર્દીઓની સંખ્યા વધવા સાથે સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુ, મેલેરિયા વગેરે માટે દર્દીઓએ કરાવેલા લેબોરેટરી ટેસ્ટના રિપોર્ટ મળવામાં ખૂબ વિલંબ થઈ રહ્યો હોઈ દર્દીઓમાં અસંતોષ ફેલાતો જોવા મળી રહ્યો છે.

## સંત નિરંકારી મંડળ ગોધરાના પ્રમુખ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા.૬

સંત નિરંકારી મંડળના ગોધરા ખાતેના પ્રમુખ, સંયોજક અને જ્ઞાન પ્રચારક વિદ્યાબેન તા. ૮ ઓકટોબરને શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૩૦ સંત નિરંકારી સત્સંગ ભવન ખાતે પધારશે. આ પ્રસંગે તેઓના આર્શીવચન મેળવવા ભાવિકોને ઉપસ્થિત રહેવા સંત નિરંકારી મંડળ દ્વારા જણાવાયું છે.

# બેફામ જતી લકઝરીએ દૂધ લેવા નિકળેલા માતા-પુત્રને ઉડાડયા

## કુડાસણ નજીક રિલાયન્સ ચોકડી પાસે સર્જાયેલ અકસ્માતઃ માતા ઉપરથી ટાયર ફરી વળતા સ્થળ પર મૃત્યુ : બે વર્ષનાં દિકરાનો ચમત્કારીક બચાવ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક શાહપુર ચોકડીથી કુડાસણ પાસે રિલાયન્સ ચોકડી તરફ બેફામ ગતિએ જઈ રહેલી એક લકઝરી બસના ડ્રાઈવરે બે વર્ષના દિકરાને લઈને દુધ લેવા નિકળેલી માતા ઉપર લકઝરી ચઢાવી મુકી હતી. પેટ પરથી લકઝરીનુ પાછળનું ટાયર ફરી વળતા ચગદાઈ ગયેલી માતાનુ ઘટના સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. જયારે તેનો બે વર્ષનો માસુમ દિકરો ફંગોળાઈને રસ્તાની સાઈડમાં ફેંકાઈ જતા તેનો ચમત્કારીક બચાવ થવા પામ્યો હતો. ઈન્ફોસિટી પોલીસે લકઝરી ચાલક સામે ગુનો દાખલ કરી મોડી સાંજે તેની ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરને અડીને આવેલા કુડાસણ ખાતે રિલાયન્સ ચોકડી નજીક એક ઢાબામાં રહેતા અને મુળ રાજસ્થાન પાલી વિસ્તારનાં પ્રકાશ દલીચંદ શર્મા ચા ની કીટલી ચલાવી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવે છે. આજે સવારે આઠેક વાગ્યાનાં અરસામાં પ્રકાશ શર્માની ૩૦ વર્ષિય પત્ની રમીલા તેના બે વર્ષિય દિકરા મનિષને લઈને ઘરેથી ચાલતા ચાલતા દુધ લેવા નિકળી હતી. દુધ લઈને માતા પુત્ર ઘર તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન નરોડાથી ગાંધીનગર આર.ટી.ઓ ખાતે કામ અર્થે બેફામ ગતિએ આવી રહેલી લકઝરી બસે કુડાસણ નજીક રિલાયન્સ ચોકડી પાસે જ માતા પુત્ર ઉપર લકઝરી ચઢાવી દીધી હતી. લકઝરીનું પાછળનું ટાયર રમીલાનાં ઉપરથી ફરી વળતા તેણીનું ચગદાઈ જવાથી કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતુ. જયારે તેનો બે વર્ષિય દિકરો ફંગોળાઈને રસ્તાની સાઈડમાં ફેંકાઈ ગયો હતો. જેને પગલે ફુલસમા દિકરાનો આબાદ બચાવ થવા પામ્યો છે. સામાન્ય ઈજાઓ થતા તેને સારવાર અર્થે લઈ જવાયો હતો. માં સુંઢા ટ્રાવેલ્સની લકઝરી નં જીજે ૨૩ ટી ૯૮૩૯ સ્થળ પર જ મુકીને ડ્રાઈવર સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. મોડી સાંજે ૨૮ વર્ષિય ડ્રાઈવર ઘનશ્યામ નાગરજી પરમાર (રહે. કલ્યાણપુરા, ડભોડા. તા.જી. ગાંધીનગર) પોલીસ સમક્ષ હાજર થઈ જતા ઈન્ફોસિટી પોલીસ મથકનાં પીએસઆઈ ચૌધરીએ તેની ધરપકડ કરી તપાસ શરુ કરી છે.

## એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓ કબડ્ડી સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ઝળકી




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ ખેલ મહાકુંભ વર્ષ ૨૦૧૬-૧૭ અંતર્ગત સાંઈ કોમ્પ્લેક્ષ સે-૧૫ ખાતે તા. ૨૫-૯-૨૦૧૬ના રોજ યોજાયેલ જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં પ્રથમ નંબર મેળવી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો અને વિજેતા તમામ બહેનોએ પ્રમાણપત્ર તથા ટ્રોફી મેળવેલ છે. સર્વે બહેનોને શાળાના આચાર્ય શ્રી નીરૂબેન પટેલ તથા માર્ગદર્શક શિક્ષિકાશ્રી દક્ષાબેન પટેલ અને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

# ઉવારસદમાંથી વરલી-મટકાનો જુગાર રમાડતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામમાં જગો રાવળ નામનો શખ્સ તેના સાગરીતો સાથે મળીને મુંબઈ બેઝ્ડ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે દરોડો પાડી ત્રણ શખ્સોને પકડી પાડયા હતા. જ્યારે મુખ્ય સુત્રધાર ફરાર થઈ જવા પામ્યો હતો. અડાલજ પોલીસે ત્રણ શખ્સોને વરલી રમાડતા રંગે હાથ પકડી તેમની પાસેથી આંકડા લખેલા સાહિત્ય તથા રોકડ ઉપરાંત મોબાઈલ અને એક વાહન મળી કુલ રૂ.૬૬ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ઉંડી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી અડાલજ પોલીસ દ્વારા દારૂ જુગારની પ્રવૃત્તી નાબુદ કરાવવા સઘન વોચ રાખવામાં આવી છે. દરમ્યાન પીએસઆઈ પી.સી. સરવૈયાને બાતમી મળી હતી કે ઉવારસદ ગામમાં જગો રાવળ નામનો શખ્સ તેના સાગરીતો સાથે મળીને તેના ઘર નજીક વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. બાતમી મળતા જ પી.એસ.આઈ તેમની ટીમના એ.એસ.આઈ કાનજીભાઈ, હે.કો અમૃતભાઈ, પદમસિંહ પો.કો. ભરતસિંહ તથા જયરાજસિંહ સહિતનાં માણસો સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને રેડ કરતા જગો રાવળ નાસી છુટ્યો હતો જ્યારે અન્ય ત્રણ સાગરીતો રંગે હાથ પકડાઈ ગયા હતા. ઉવારસદનાં ઘનશ્યામ હરગોવિંદ રાવળ, સુરેશ હોથા રાવળ અને નારદીપુરનાં અશ્વિન બળદેવ રાવળ ત્રણેયની ધરપકડ કરી લઈ પોલીસે વરલી મટકાનાં આંકડા લખેલા સાહિત્ય, રોકડ રૂ.૧૭,૪૦૦ તથા ૧૨ નંગ મોબાઈલ અને એકટીવા મળી કુલ રૂ.૬૫,૯૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી સઘન તપાસ શરુ કરી છે. તો બીજી તરફ મુખ્ય સુત્રધાર જગો ફરાર થઈ જતા તેની ધરપકડ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. આ શખ્સો મુંબઈ બેઝ્ડ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યા હતા. મુંબઈથી આંકડા કટીંગ કરાવી ઉવારસદમાં જુગાર રમાડી રહ્યા હતા.

## ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સ્વમુખે કાવ્ય પઠનનો કાર્યક્રમ

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૯ ઓકટોબરને રવિવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે સર્જકની કેફિયત અંતર્ગત સ્વમુખે પઠનનો કાર્યક્રમ યોજાશે. જેમાં ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ સાહિત્યકાર-નવલ કથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા પૂજય સંત મોરારીબાપુ સાથેની જાપાનની મુલાકાતના સંભારણા-સંસ્મરણો વિષે વકતવ્ય આપશે અને ગાંધીનગર સાહિત્ય સભાના કારોબારી સભ્ય ભીખુ કવિની સ્વરચિત રચનાઓને સ્વમુખે પઠન કરવામાં આવશે.આ સાહિત્યિક મહેફીલને માણવા નગરના મહાનુભાવો અને સાહિત્યકારો, સાહિત્યરસિકોને ઉપસ્થિત રહેવા મંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા જણાવાયું છે.

## રેશનલ સમાજની બેઠક ૮મીએ

ગાંધીનગર, તા.૬

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૮મી ઓકટોબર ૨૦૧૬ને શનિવારે સાંજે ૫.૦૦ કલાકે, બ્લોકનં. ૬૧/૧, ઘ ટાઈપ સે-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે તો સર્વે સભાસદ મિત્રોએ બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક અનુરોધ છે.

## ચૌધરી મહિલા કોમર્સ કોલેજમાં ગરબા વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સે-૭માં અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી મહિલા કોમર્સ કોલેજ ખાતે તા. ૫ અને ૬ ઓકટોબર દરમિયાન કોલેજની વિદ્યાર્થીનીઓ માટે ગરબા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું



હતું. આ ગરબા વર્કશોપમાં હેપ્પીનેસ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના શૈલી કારિઆએ વિદ્યાર્થીઓને ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખવાડ્યા હતા.

પી.કે.ચૌધરી મહિલા કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજના પ્રિન્સિપાલ પ્રશાંત વાઘેલા દ્વારા અવારનવાર વિવિધ સામાજિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. અત્યારે ચાલી રહેલા નવરાત્રી મહોત્સવના પગલે ચૌધરી મહિલા કોમર્સ કોલેજમાં અધ્યાપિક દિશા પોપટ દ્વારા બે દિવસીય ગરબા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ગરબા વર્કશોપમાં વિદ્યાર્થીનીઓને લેટેસ્ટ ગરબા સ્ટેપ્સ શીખવાડવામાં આવ્યા હતા.

# આજે મા કાત્યાયનીના છઠ્ઠા સ્વરૂપનું પૂજન

## માતાજીના આ સ્વરૂપના પૂજનથી શત્રુ ઉપર વિજય પ્રાપ્તિ સાથે અર્થ, ધર્મ, કામ અને મોક્ષ પમાય છે : આજે સૂર્ય પૂજનનું પણ વિશેષ મહત્વ

ગાંધીનગર, તા.૬

શકિત સ્વરૂપા આદ્યશકિતની અસીમ કૃપા પ્રાપ્ત કરવા માટેના નવરાત્રી પર્વમાં વિવિધ સ્વરૂપોનું પૂજન અર્ચન થઈ રહ્યું છે. જેમાં આજે જગદંબાના છઠ્ઠા સ્વરૂપ મા કાત્યાયનીનું પૂજન અર્ચન કરી સાધકો ઈચ્છિત ફળ પ્રાપ્તિના આર્શીવાદ મેળવશે. સૃષ્ટિ-રચઈતા અને બ્રહ્માંડની સર્જનહાર મા દુર્ગાની ભકિતમાં ઓતપ્રોત બનેલા શ્રધ્ધાળુઓ શાસ્ત્રોમાં આલેખાયેલા વિધિ વિધાન પૂર્વકની ધાર્મિક પ્રવૃત્તિમાં મગ્ન બન્યા છે. જીવનમાં સુખ-શાંતિ, સમૃધ્ધી અને સ્વાસ્થ્ય માટે દૈવી મંત્રોચ્ચાર એ શ્રેષ્ઠ ઉપાય હોવાનું ધર્માચાર્યો જણાવી રહ્યા છે.

જગતજનની જગદંબાના પ્રભાવશાળી પર્વમાં આજે સષ્ટમ્ સ્વરૂપ માં કાત્યાયનીની ભકિત, પૂજા પાઠ કરાશે. મા કાત્યાયની એ મહર્ષિ કાત્યાયનના ત્યાં પુત્રી રૂપે અશ્વિન કૃષ્ણ ચર્તુદશીએ જન્મ લઈ શુકલ સપ્તમી, અષ્ટમી અને નવમી સુધી ત્રણ દિવસ કાત્યાયન ઋષિની પૂજા કરી દશમીએ મહિષાસુરનો વધ



કર્યો હતો. આ માતાજીના પૂજન સમયે સાધકનું મન 'આજ્ઞાચક્ર'માં સ્થિર રહે છે. મા કાત્યાયયની સિંહ ઉપર સવાર હોય છે. ચાર ભૂજાધારી અને સુસજ્જીત આભામંડળની દેવી તરીકે પૂજાય છે. માતાજીનું વર્ણન કરીએ તો માતાજીના ડાબા હાથમાં કમળ અને તલવાર જયારે જમણા હાથમાં સ્વસ્તિક અને આર્શીવાદની મુદ્રા છે. માના આ સ્વરૂપની ભકિત અને ઉપાસનાથી મનુષ્યને સરળતાથી અર્થ, ધર્મ, કામ અને મોક્ષ એમ ચાર ફળોની પ્રાપ્તિ થાય છે વળી ભૂમિલોકમાં હોવા છતાં અલૌકિક તેજ અને પ્રભાવથી યુકત બને છે. માતાજીના આ સ્વરૂપના પૂજન સાથે સૂર્યદેવતાના પૂજનનું પણ વિશેષ મહત્વ જણાવાયું છે. માતાજીની પ્રસન્ન ચિત્તે કરેલી ભકિતથી સાધક શત્રુ ઉપર વિજયી બને છે અને જીવનમાં સુખ શાંતિ રહે છે.

ભગવાન કૃષ્ણને પતિરૂપમાં પામવા વ્રજની ગોપીએ કાલિન્દી-યમુના તટ ઉપર આ માતાજીની આરાધના કરી હતી જેથી મા કાત્યાયની વ્રજમંડળની અધિષ્ઠાત્રીના રૂપે પણ પૂજાઈ રહ્યા છે. વધુમાં માની પૂજા કુંવારી કન્યા કરે તો તેનો વિવાહ જલ્દીથી થાય છે અને શ્રેષ્ઠ વર મળે છે. માના આ ભવ્યરૂપનો જન્મ આસુરી શકિતઓનો નાશ કરવા જ થયો હતો. જેમાં શંભુ અને નિશંભુ રાક્ષસોનો સંહાર કરી મા એ જગતની રક્ષા કરી હતી. જેથી માતાજીને પ્રસન્ન કરવાવાળા આ પર્વમાં અનેક પ્રકારના મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિઓનું મહત્વ રહેલું છે જેનાથી મનુષ્ય તમામ પ્રકારના દુઃખોથી મુકત બની અપાર સુખ પ્રાપ્ત કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. પુષ્પાબેન અરવિંદકુમાર પટેલ, ઉ.વ. ૫૯
- સ્વ. શાંતાબા નેનસિંહ વાઘેલા, ઉ.વ. ૬૫
- સ્વ. કૌશલબહાદુર સિંજલી, ઉ.વ. ૩૯
- સ્વ. ઈશ્વરજી સેંધાજી વાઘેલા, ઉ.વ. ૭૫